જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૮/૦૯/૨૦૨૫ સોમવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૨૬૩/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૪ કેસ કરી, ૪૨ વ્યક્તિઓને ઝડપી, ૨૨૧ લીટર દેશી દારૂ, ૧૪ કવાર્ટર ઈંગ્લીશ દારૂ, ૨ બિયર ટીન અને ૦૩ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૦૬ કેસ કરી, ૩૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૬૧,૪૩૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૨૬૪/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૨૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૩ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૧૨૬૫/૨૦૨૫**

સોલા હાઈકોર્ટઃ ભૌમિકભાઈ સ/ઓ વિક્રમભાઈ પટેલ (ઉ.વ.૩૧) (રહે. ચાણક્યપુરી સેક્ટર–૫ જનતાનગર રેલવે ક્રોસીંગ પાસે ઘાટલોડીયા) એ તા.૦૭/૦૯/૨૦૨૫ ના રોજ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૭/૧૨/૨૦૨૩ થી તા.૩૦/૦૪/૨૦૨૫ સુધીના સમયગાળા દરમ્યાન સોલા કારગીલ ચાર રસ્તા સત્યમેવ–૨ કોમ્પલેક્ષ પ્રજાપતિ લાઈવ ઢોકળા નામની દુકાન ખાતે આરોપી ચેતનકુમાર હિમ્મતભાઈ વેકરીયા (રહે.સુંદરવન સોસાયટી, પાવર હાઉસ નજીક, કેનાલ પાસે, નિકોલ) એ ભૌમિકભાઈ પટેલને વિશ્વાસમાં લઈ ગાંધીનગર શહેરી વિકાસ મંડળ તરફથી આપવામાં આવતા રાહતદરના મકાન અપાવવાની વાત કરી ગાંધીનગર શહેરી વિકાસ મંડળના નામના ખોટા પત્રો મોકલી ભૌમિકભાઈ પટેલ પાસેથી રૂપિયા ૮,૯૯,૭૦૦/– મેળવી લઈ છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.પી.સોંલકી ચલાવે છે.

દિવાલ પડતા મૃત્યુઃ– **સમાચાર યાદી નં.૧૨૬૬/૨૦૨૫**

ગોમતીપુરઃ આશિષ જીતુભાઇ બોરીસા (ઉ.વ.૨૩) (રહે. મોહનલાલની ચાલી ગોમતીપુર) તા.૦૬/૦૯/૨૦૨૫ રાતના ૮/૩૦ વાગ્યાના સુમારે ગણપતિ વિસર્જન માટે વરઘોડા સાથે પસાર થઈ રહ્યા હતા દરમ્યાન ગોમતીપુર અંબા માતાની પોળ દરજીની ખડકી સામે પોળના રસ્તા નજીક મકાનની દિવાલ પડતા આશિષ બોરીસા દિવાલ નીચે આવી જતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેમને સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન રાતના ૧૧/૦૦ વાગે તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે ગોમતીપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી આર.જે.દેસાઇ ચલાવે છે.

પાણીની ટાંકીમાં પડી જતા મૃત્યુઃ– **સમાચાર ચાદી નં.૧૨૬૭/૨૦૨૫**

અમરાઈવાડીઃ સ્વાતિ ડો/ઓ પંડીતભાઈ નરડે (ઉ.વ.૧૯) (રહે. ગુજરાત હાઉસીંગ બોર્ડ સર્વોદયનગર રૂદ્રેશ્વર મહાદેવ મંદિર પાસે ખોખરા) તા.૦૭/૦૯/૨૦૨૫ કલાક ૧૦/૧૫ વાગ્યા પહેલા પોતાના ઘરે અન્ડર ગ્રાઉન્ડ પાણીની ટાંકીમાથી પાણી ભરતા હતા ત્યારે ટાંકીમાં પડી જતા ડુબી જતા સારવાર માટે તેમને મણિનગર સરદાર હોસ્પિટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉ.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે અમરાઈવાડી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી જે.જે.ગોસાઇ ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર ચાદી નં.૧૨૬૮/૨૦૨૫**

સરખેજઃ સાહીલ સ/ઓ સઇદઅહેમદ શેખ (ઉ.વ.૨૧) (રહે. દસાડાવાળી ચાલી નુરે મહમદી મસ્જીદ પાસે નહેરૂનગર સરખેજ) એ અગમ્ય કારણસર તા.૦૭/૦૯/૨૦૨૫ બપોરના ૨/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે છતના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે સરખેજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી પ્રભાતસિંહ વખતસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી